॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● કારતક વદ-૧૧ ● તા. ૧૧-૧૨-૨૦૨૦ ● શુક્રવાર SDP NO: 237 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ટ્રેનો રોકવા ખેડૂતોની ચીમકી : સરકાર મંત્રણા માટે તૈયાર

સંસદનું નવું ભવન આત્મનિર્ભર ભારતના નિર્માણનું સાક્ષી બનશે : વડા પ્રધાન નમો..

◆ દિલ્લીમાં નવા સંસદ ભવનનું વડાપ્રધાન દ્વારા ભૂમિપૂજન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂમિ પૂજનની સાથે જ નવા સંસદ ભવનની આધારશિલા મૂકી. ચાર માળના સંસદ ભવનનું નિર્માણ કાર્ય ભારતની સ્વતંત્રતાની ૭૫ મી વર્ષગાંઠ સુધી પૂરી થવાની શક્યતા છે. વૈદિક મંત્રોચ્ચારની વચ્ચે ભૂમિપૂજન કાર્યક્રમનો આરંભ થયો અને તેના સંપન્ન થય બાદ શુભ મુહૂર્તમાં વડાપ્રધાને પરંપરાગત વિધિની સાથે આધારશિલા મૂકી. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, વિવિધ રાજકીય પાર્ટીના નેતા, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ સહિત અનેક કેન્દ્રીય મંત્રી, મોટી સંખ્યામાં સાંસદ અને અનેક દેશોના રાજદૂત આ ઐતિહાસિક અવસરના સાક્ષી બન્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે અને માઈલસ્ટોન સાબિત થશે. દેશમાં હવે ભારતીયતાના વિચારોની સાથે નવી સંસદ બનવા જઈ રહી છે, આપણે દેશવાસી મળીને સંસદના નવા ભવનનું નિર્માણ કરીશું. જ્યારે ભારત પોતાની આઝાદીના ૭૫ મા વર્ષની ઉજવણી કરશે, ત્યારે સંસદની ઈમારત તેની પ્રેરણા હશે.

ભારત પર દબાણ કરવાની ચીનની ચાલબાજી:

કચ્છ સમીપે ચીન, પાકિસ્તાનના લડાકુ વિમાનોથી આકાશ ગાજી ઉઠ્યું, આંતરરાષ્ટ્રીય સરહદથી માત્ર 130 કિમી દૂર આવેલા પાકિસ્તાનના ભોલારી એરબેઝમાં સંયુક્ત યુદ્ધ અભ્યાસ

ગુજરાત હાઇકોર્ટ 3 દિવસ બંધ

ગુજરાત હાઇકોર્ટ ત્રણ દિવસ સંપૂર્ણ બંધ રહેશે : બે મહિનામાં બીજીવાર શટડાઉન

ત્રણ દિવસ માટે હાઈકોર્ટમાં ઈ-ફાઈલીંગ સિવાયની કોઈપણ પ્રકારની કામગીરી નહીં કરાઈ

..... ॐॐॐॐॐॐॐॐॐॐॐ .....

તા. ૧૧ ૧૨ ૨૦ ને શુક્રવાર ના દિને જે એકાદશી છે તે ત્રીસ્પૅશા એકાદશી છે. એટલે કે તે દિવસે અગિયારસ, બારસ અને તેરસ એક દીવસે છે. એટલે એ મોટા માં મોટી એકાદશી છે. એનો ઉપવાસ કરવાથી એક હજાર એકાદશી ઉપવાસ કરવાનું પૂણ્ય ફળ મળે છે. માણસ ૪૦ વર્ષ સુધી એકાદશી ના ઉપવાસ કરે ત્યારે તેની એક હજાર એકાદશી થાય. એટલે કે ૪૦ વર્ષ નું પૂણ્ય એક જ દિવસ માં પ્રાપ્ત થાય છે. તો તેનો સર્વ જનો ને લાભ લેવા નમ્ર વિનંતી છે.

ॐ શ્રી વિષ્ણવે નમઃ

..... 卐卐卐卐卐卐卐卐卐卐卐 .....

આપણી આજકાલ આસપાસ

વડાપ્રધાન મોદીની કચ્છ મુલાકાતને લઈને તંત્રની તૈયારીઓ...

૧૫ ડિસેમ્બરે મોદી કચ્છમાં આવશે માંડવીના ગુંદીયાળી ખાતે ડિસેલીનેશન પ્લાન્ટનું ભૂમિપૂજન કરાશે...

ખાવડા ખાતે સોલાર વિન્ડ હાઈબ્રીડ પ્રોજેક્ટનું લોકાર્પણ કરાશે...

જિલ્લા કક્ષાએ કાર્યક્રમના આયોજન માટે ૨૫ સમિતિઓ બનાવાઈ...

હાજીપીરના રસ્તાના મુદ્દે અપાઈ આંદોલનની ચીમકી...

એક વર્ષ પહેલાં ચાલુ થયેલું દેશલપર થી હાજીપીર સુધીનો ૧૬ કિલોમીટરનું કામ હજુ પણ અધૂરું...

સુપ્રસિદ્ધ યાત્રા ધામ હાજીપીર જતો આ માર્ગ ઉપર વાહનોને ચાલવું બન્યું દુષ્કર...

૧૫ ડિસેમ્બર સુધી આ રસ્તાનું કામ ચાલુ કરવામાં નહીં આવે તો રસ્તા રોકો આંદોલનની અપાઈ ચીમકી...

સામાજિક કાર્યકર જબ્બાર જત દ્વારા આ બાબતે અપાઈ ચીમકી...

ગુજરાતી ક્રિકેટર પાર્થિવ પટેલે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી...

૧૮ વર્ષની ક્રિકેટ કારકિર્દીમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી...

૧૭ વર્ષની ઉંમરે રમવાનો મોકો આપવા બદલ BCCIનો માન્યો આભાર...

પાટીદારોના આજથી ૫૦ વરસ પહેલાંના લગ્નના જમણવારનો અહેવાલ:-

"ગામડાનો વરો"

અગાઉના વરો...

દાળવાટકી, પિત્તળની ડોલ, કમંડળ, ચમચા, છરીયુ , પુરી દબાવવાના મશીન, છીણી અને એવું બધું વહેવારવાળાને ત્યાં ગોતવા નીકળી જાય એ કટંબમાં લગન પ્રસંગ એટલે કે વરો છે એમ સમજી લેવાતું. કેટરીંગ તો હતું જ નહી પણ મંડપવાળાય શહેરમાં જ હતા. એટલે માંડવા કારાવવા તાપડા-તાલપત્રીને મોદ માંગી લવાતા. અને ઠામ-વાસણ કુસણ પણ પાડોશમાંથી કે પીપ હોય ત્યાંથી બેક દિ- ઘડી સાપડી લઈ લેતા.

વર કે કન્યાના બાપા તો લગનને છ મહીનાની વાર હોય ત્યાં જ નમ્ર બની ગયા હોય.

નહિતર સારાની સારાઈનો લાભ અને સેવા બરાબર મળે નહી. વાંકું તો કોઈ હારે મુદલ નહી પાડવાનું.

ચપટી બુધાલાલ તમાકુથી માંડીને રકાબી ચા સુધીનો બધોય વહેવાર હારી રીતે સચવવાનો.

જો કે તો ય પરિવારમાં કોઈકે તો ટાણે જ લબડાવાનું નક્કી કર્યું હોય તે ઈ તો "ઉહુઉઉઉક.... મારે નથી આવવું

ધીરાના લગ્નમાં મોહનો ટાણે જ વાડીએ વયો ગ્યો 'તો ઈ મને હજી હાંભરે છે.." કરીને રિસાય.

એને વળી માંડ માંડ વડીલો મનાવે અને બીજે દિવસે ડાયરો હોય, ઘરધણી એની તૈયારી કરે.

બીજી કોર ગામનો કોઈ વાળંદભાઈ હાથમાં નોતરાનો ખરડો લઈ, સાયકલ પર સવાર થઈ નીકળી ગયો હોય.

એ કોઈકની ખડકી ખખડાવે, કોઈકનો ઝાંપો-ઝાંપલી હડસેલે, કોઈકના કમાડની સાંકળ પછાડે તો કોઈકનો ડેલો ધબધબાવી ને પછી સાદ પાડે- ઉંચા અવાજે- અદાલતનો પેલો નામ પોકારિયો હોય એમ વિશિષ્ટ લહેકામાં બોલે; " એએએએએ પોપટભાઈ સોમાભાઈ પટેલને ત્યાં રાતે ડાયરામાં, કાલસવારે માંડવે, કાલરાતે એક જણને અને પરમદિ' બપોરે હાગમટે જમવાનું નોતરૂ છેએએએએએ.."

આહાહા...હા, આટલું હાંભળીને તો મનમાં મધ રેડાતું.

એ જતા રહે પણ આ બાજુ જેને જમવા જવાનું છે એના માનસપટ ઉપર એક આખું ચિત્ર ખડું થઈ જતું.

કોકનો વંડો કે શેરી માળી હોય, પવન ના લાગે એવા ખુણામાં બે ઉંડી મોટી ચૂલ હોય, કીચન સમકક્ષ એ વિભાગમાં કાચું કરિયાણુ, બટેટા, શાકભાજી પડ્યા હોય, મગ બાફણા જગતા હોય ને મોટા તપેલાઓમાં રસોઈ રંધાતી હોય,

આગલે દિ' રાતે બનાવેલ લાડવા વળાતા હોય,મીઠાઈઓ કપાતી હોય, મીંદડી આંબીનો જાય એવી જગ્યાએ મોહનથાળ ચોકીમાં ઢાળેલો પડ્યો હોય, બાળકની રમકડાની મોટરના પૈડાં હોય એવી સાઈઝમાં કોક મરચાને કાતરથી કાપતો હોય, તો કોક કોબીને સ્ટીલના ઉંધા ગલાસથી કાપતો હોય, સંભારા માટે સમારતા હોય, કોક બડબો ભરી હોય એવા થાળી-વાટકા-ગલાસને ગાભો મારતા હોય, કોક કોક ડાંડ કીસમના હોય ઈ ગાડાની ઉંધે જઈ ફડાકા મારતા હોય,

સાંજે જાનના રાતવાસા માટે ઘરદીઠ એક ખાટલો ને એક રૂનુ ગાદલું ઉધરાવવાના છોકરાઓ થનગનતા થનગનતા નીકળી પડે, લાલ રમચીની ખાટલાના પાયા પર ટુંકા નામ લખાયને સરસ ગાદલા પર પણ ઘરધણીના નામનો લાલ સિક્કો મારી દે..

કેટલાકે તો જાનના છોકરા પેસાબ કરીને ગાદલા બગાડતાય હોય તેથી કેટલાકે તો જાન માટે એક ગાદલુ અલગ જ ફાળવેલ પણ હોય, આ બધા જ ખાટલા જાનને ઉતારે લાઈનસર પથરાઈ ગયા હોય,બાઈઓની પથારીઓ ઘરમાં કે ઓસરીઓમાં હોય, પણ કેટલાક અવરચંડા જાનૈયા સહુના પહેલા પહોંચી જાય ને સારા સારા ખાટલાને બોટી લેતા...

બબ્બે ગાદલા ય પાથરી દેતા...

કેટલાક ખાટલા ગાદલા વગરના થઈ જતા તે ઘરધણી ઘરના ગાદલેથી પુરા પાડે.

સાંજ હોય, અંધારૂ થઈ ગયું હોય અને પછી પીળા બલ્બ, બસ્સો બસ્સો વોટના ચાલુ થાય.

જમવા માટેનો સાદ પડાઈ ગયો હોય એટલે નોતરના માણસો જે થોડે દુર બેઠા હોય, એ આવવા લાગે.

દાળ શાકના ડાઘવાળા પાતિયા (આસન પટ્ટા) પાથર્યા હોય પણ આજ એની કોઈને પરવા ના હોય.

આમ તો ભોજન માટેનું મેનુ ફીક્સ જ રહેતું... "રાણી બાદશાહ એક્કો અને લૈલા મજનુનું શાક" અર્થાત મોહનથાળ અને રીંગણા બટેટાનું શાક.

વધુમાં સંભારો, ફરફર અને આખરમાં દાળભાત...

બસ આટલું જ, વરસો સુધી ચાલેલા આ મેનુનો શોધક કોણ હશે?

અને એને એમે ય નહી થયું હોય કે આ ડોહુ શાક... ખાવું હેની હારે?

તો ય જો કે લોકો તો ખાતા જ. અરે... ખાતા નો ધરાતા!!

ઈ ગમે એમ કરી, ભાત ભેળવીનેય પણ શાક તો હોશે હોશે લેતા અને વળી ખાતા ય ખરા.

અને ખાય કેમ નહી અલ્યા ??? એકનું નોતરૂ હોય તો પાંચ, ગણેહનું નોતરું હોય તો શ્રીફળ તથા રોકડા દહ રૂપિયા અને હાગમટે હોય તો પુરા પચ્ચીસ રૂપિયાનો પહ ભરાવ્યો હોય હો, એ તો વસુલ કર્યે જ છુટકો.

આમ તો પહ લખાવતાં પહેલાં પટારો ફંફોસી, એમાં ક્યાંક હાચવીને મુકેલી, પોતાને ત્યાં ગયેલા પ્રસંગની નોટ ગોતી લેવાતી.

જમીનનો દસ્તાવેજ હોય એવી એની જાળવણી થયેલી હોય કારણ કે કોણે કેટલો પહ ભરાવેલો એની નોંધ એમાં પડેલી હોય અને એના આધારે જ અગિયાર લખાવવા કે એકવીહ.. એ નકકી થતુ.

જાન આવતી હોય તે દિ' મેનુમાં થોડો સુધારો જોવા મળે.

મોહનથાળની જગ્યાએ લિંબુડીયા રંગનો ટોપરાપાક હોય, ભજીયા કે કડી,કટોસણથી ખમણ કે જલેબી મંગાવ્યા હોય અને આગલે દિ' રેશનના ચોખા દાળભાત માટે વાપર્યા હોય તે આજ બાસમતીનું આંધણ મુકયું હોય.

વરવિવામાં એટલી સ્પર્ધા ન થતી જેટલી જાન આવી હોય તે દિ પીરસવામાં થતી.

જુવાનિયાય જાનડીયુંને ભાવભેર જમાડવા ઓછા ઓછા- ભીના ભીના- અડધા અડધા થઈ જતા.

પંગત પડી ગઈ હોય, લાડવાવાળો આગળ પછી ઢેફલા પછી ભજીયા પછી શાક પછી સંભારો પછી ચટણી પછી દાળ એમ એના આરક્ષિત ક્રમમાં હારથિયા પિરહવા લાગે, લેવું હોય ઈ એમને એમ બેહે એટલે એની થાળીમાં વસ્તુ મુકાય અને આડો હાથ દેય એને ઠેકી જવાનો ધારો હતો.

મોહનથાળના બે ,ભજીયા બે દાણા, ખમણ ચપટીક,એક ચમચો શાક,વાડકીમાં દાળ...

આટલી માત્રામાં જ પીરસવું જેથી બગાડ ના થાય એવો નિયમ પણ અમલમાં રહેતો જ.

આ પ્રમાણે પીરસવાવાળા લાંબી લાઈન પુરી કરે ત્યાં કમરના મણકા ફાટવા લાગ્યા હોય, ઉત્સાહ નામની ય કોઈ ચીજ હોય છે હો ભાઈ!!!

જાડેરી જાન હોય તો પાંચ છ લાઈન અવળા હવળા મોઢે જમવા બેઠી હોય.

પીરસનાર છેલ્લી લાઈનના છેલ્લા જણ સુધી પહોંચે ત્યાં સુધીમાં પહેલી લાઈનની બધી થાળીઓ સફાચટ થઈ ગઈ હોય એટલે પીરસવાવાળા ભરશિયાળે પરસેવે રેબઝેબ થઈ ગયા હોય,તો ય ડોલું, ચમચા, કમંડળ બદલીને પાછા નીકળે.

આમ ત્રણવાર પીરસાય, ત્રીજીવાર તો હડેડાટ-હોપટ નીકળી જવાનો આદેશ હોય.

અને પછી દાળભાત... સારૂ ઘર હોય એને ત્યાંય કોઈ મહેમાન હોય ત્યારે જ દાળભાત બનતા, એટલે એનીય આતુરતા જબ્બરી રહેતી.

કેટલાક તો લીંબુ ખીસ્સામાં નાખીને લાવ્યા હોય તે ઈ નીચોવીને ખાવાનો આનંદ કોઈ વિશેષ પ્રકારનો રહેતો.

ગળામણનો ઈ જમાનો, તે વેવાઈ ફાચરા દેવા નીકળે. પરાણે-તાણ કરી કરીને મોઢામાં મોહનથાળના કે ટોપરાપાકના ઢેફલા ઠુસે.

તો વળી, સામા પક્ષેય ક્યારેક હરખના ગળકા આવે અને પછી સામસામે પરબારા મોંમાં ફાચરા દેવાય.

ખાતો હોય એના હાથ તો એઠા હોય જ.. જે તાણ કરવા નિકળ્યા હોય એના આંગળાના ટેરવા પણ કેટલાય હોઠોના જર્મ્સ ચોટેલા હોય જે હરખભેર શેર થાય.

હુઘરાઈની એ પરંપરા હજુ ચાલુ જ છે.

થોડે દૂર પાણીનું પીપડુ સીધું જ કોકની કુવાની મોટર ચાલુ કરીને ભરી આવેલા હોય.

એમાં ગ્લાસ જબોળી હાથ ધોવાય અને એ જ ગલાસથી મોઢે માંડી પાણી પીવાય.

પ્રવેશદ્વારે ચાંદલો લખવાવાળા પાસે જો મુખવાસ હોય તો મુઠોભરે, કોઈ તો રૂમાલમાંય બાંધે અને ખાધા જેવી મજા નહી..

સુતા જેવું સખ નહી એમ કરી બધા વરે પડે.

અને આજે:-

રાજા રજવાડા જેવી ભાતના મંડપો ઉભા કર્યા હોય, નકલી ફૂલોનાને ક્યાંક સાચા ફુલોનુ સુશોભન કર્યા હોય, ઢોલ તો હોય પણ શિષ્ટાચાર પુરતો બાકી ડી,જી.ચાલે ધમધોકાર અગાઉના જમાના જે છોકરીઓ વરાના રસોડે પુરીઓ વણતી હતી તે અને જે છોકરા પંગતોને પીરસતા હતા તે રંગબેરંગી, ઢંગઢળા વાળા કે વગરના કપડા પહેરી બેફામ નાચતા હોય છે.

હંધાયના ઘરેથી છાસ ભેગી કરવામાં આવે, જમણવારમાં આનાં વગર તો જમણ અધુરું જ કહેવાય.

વરસો બાદ વરો આજે ઘણોખરો પ્રસંગ બન્યો છે.

સાચા અર્થમાં બત્રીસ જાતના ભોજન પીરસાય છે.

સદ્ધર થયેલો સમાજ દિલખોલીને પૈસા વાપરે છે.

અને એમાં ખોટુય શું છે?

જમાનો ખરેખર જીવવા જેવો આવ્યો છે ને લોકો મનખ્યો માણી લેવાના મુડમાં છે.

છતાં પણ કોણ જાણે કેમ... જુના જમાનાના લગ્નો ભુલાતાં નથી.... નવી પેઢીએ એ મજા ચોક્કસ ગુમાવી છે તેમાં કોઈ બેમત નથી...

ચોખવટ : આખા લેખને જાણીજોઈને તળપદા શબ્દોમાં લખવામાં આવ્યો છે.

જય કાઠિયાવાડ..

====

Pradeep Nathani

સમસ્ત પાટીદાર સમાજ વિદ્યાર્થી જોગ | નિઃશુલ્ક માર્ગદર્શન

સમસ્ત પાટીદારની એકતાનું ધામ
સરદારધામ
વિશ્વ પાટીદાર સમાજ

સરદારધામ સિવિલ સર્વિસ સેન્ટર

ધોરણ ૮, ૧૦ કે ૧૨ પછી સંરક્ષણમાં જોડાવા માંગો છો ?

સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દીની ઉત્તમ તક...

જગ્યાનું નામ	ઉંમર	અભ્યાસ
Soldier General Duty	17.5 - 21	ધોરણ - ૧૦
Soldier Tradesman	17.5 - 23	ધોરણ - ૧૦
Soldier Tradesman	17.5 - 23	ધોરણ - ૮
Soldier Technical	17.5 - 23	વિજ્ઞાન પ્રવાહ ૧૦ + ૨
Soldier Nursing Assi. / Nursing Assis. Veterinary	17.5 - 23	વિજ્ઞાન પ્રવાહ ૧૦ + ૨
Soldier Clerk-Keeper / Tech. Inventory Mngmt	17.5 - 23	કોમર્સ સાથે ૧૦ + ૨

◆ ઉંમર મર્યાદા : ૨૧ વર્ષ (૦૧ ઓક્ટોબર, ૧૯૯૯ થી ૦૧ એપ્રિલ, ૨૦૦૩) / ૨૩ વર્ષ (૦૧ ઓક્ટોબર, ૧૯૯૭ થી ૦૧ એપ્રિલ, ૨૦૦૩)

◆ ફક્ત સૌરાષ્ટ્ર મૂળના અને કચ્છના વિદ્યાર્થીઓ દેવભૂમી દ્વારકામાં યોજનાર ભરતી મેળામાં ભાગ લઈ શકશે. માર્ગદર્શન મેળવવા માગતા ઈચ્છુક ઉમેદવારને તારીખ ૧૦/૧૨/૨૦૨૦ થી ૨૫/૧૨/૨૦૨૦ સુધીમાં www.sardardham.org વેબસાઈટ પર અરજી કરવાની રહેશે. જે ઉમેદવારોએ સરદારધામ ખાતે નિઃશુલ્ક માર્ગદર્શન માટે પૂર્વ અરજી કરેલ છે એમને ફરીથી અરજી કરવાની જરૂર નથી.

◆ લાયકાત અને સ્ક્રીનિંગ સ્થળની વિગતવાર માહિતી www.sardardham.org વેબસાઈટ પર આપવામાં આવેલ છે.

◆ સ્થાનિક સામાજિક સંસ્થા દ્વારા રહેવા-જમવાની સુવિધા કરી આપવામાં આવશે.

◆ દેવભૂમિ દ્વારકા ખાતે આર્મી ભરતી મેળામાં ભાગ લેવા તા. ૧૦-૧૨-૨૦૨૦થી ૧૮-૧૨-૨૦૨૦ સુધીમાં www.joinindianarmy.nic.in ઉપર અરજી કરવી ફરજિયાત છે.

સરદારધામ
એસ. પી. રીંગ રોડ, વૈષ્ણોદેવી સર્કલ, અમદાવાદ - ૩૮૨૪૨૧
/SardardhamOfficial /sardardham_ www.sardardham.org csc@sardardham.org
+91 7575001428 / 8386 / 7184 @sardardham_ Sardardham_csc /SardardhamOfficial

સામાજિક, શૈક્ષણિક, બિઝનેસ અને નોકરીઓ ને લગતી માહિતી મેળવવાં માટે નીચે આપેલ લિંક પરથી UMIYA DARSHAN એપ ડાઉનલોડ કરો.

https://play.google.com/store/apps/details?id=com.sanepara.umiyadarshan

રાજનંદગાવ માં કોરોના પ્લાઝમા ડોનર

રાજનંદગામ નિવાસી ભાવેશ શાંતિ લાલ ભાવાણી એ ત્રીજી વખત પોતાનાં પ્લાઝમા ડોનેટ કરી ને કોરોના પીડિત માટે ઉપયોગી થયા

મૂળ કચ્છ માં મથલ ગામ ના ઉંમર ૪૦ ના ભાવેશ શાંતિલાલ ભાવાણી હાલે રાજનંદગામ , જે અંદાજે ત્રણ મહિના પહેલા કોરોના થી સંક્રમિત થયા અને રાજનંદગામ ના પહેલા કોરોના મરીઝ બન્યા. માતાજી ની કૃપા થી લગભગ ૧૫ દિવસ માં સ્વસ્થ થયા. પોતાના રોજ ના કાર્યો માં પુનઃ લાગી ગયા, એમણે જ્યારે સાંભળ્યું કે કોરોના દર્દી જ્યારે ઠીક થાય છે ત્યારે એમના શરીર Antibody બને છે.

જે કોરોના રૂપી રાક્ષસ થી લડવા માં સક્ષમ છે, અને એ Antibody પ્લાઝમા ડોનેટ કરવા થી કોરોના મરીઝ ને આપે બચાવી શકીયે ત્યારે ભાવેશ ભાઈ એ પોતાના પ્લાઝમા ડોનેટ કરવા નું નક્કી કરેલ અને આજ સુધી તે ત્રણ વખત પ્લાઝમા ડોનેટ કરી ચુકયા છે અને કોરોના ના અતિ ગંભીર મરીજો માટે દેવદૂત બન્યા છે, આ ઘટના સમયે છત્તીસગઢ રિજીયન જનરલ સેક્રેટરી પવન દ્વારા તમામ ની કાળજી રાખવા અનુરોધ કરવામાં આવેલ..

માતાજી ભાવેશ ભાઈ ની ચડતી રાખે અને તે હમેશા સ્વસ્થ રહે વ્યસ્ત રહે ,મસ્ત રહે, અને સમાજપયોગી કાર્યો કરતા રહે એવી અપેક્ષા. ભાવેશ ભાઈ દ્વારા કોરોના પોઝિટિવ થયા બાદ સંપૂર્ણ નેગેટિવ થયા બાદ સરકારે જાહેરાત કરી છે તેમ પ્લાઝમા નું ડોનેશન કરી શકાય છે જે માટે કોઈને માહિતી અને સમજણ જોઈએ તો નીચે

ભાવેશ સંપર્ક..૯૪૦૬૦૮૧૦ નો સેલ નમ્બર આપેલ છે...

-: અવસાન નોંધ :-

ॐ

તા. ૮/૧૨/૨૦૨૦ મંગળવાર

સ્વ. લાલબાઈ દેવજીભાઈ પરવાડિયા, ઉંમર : ૯૨ વર્ષ,
કચ્છ માં ગામ : મંગવાણા, હાલે : કોટડા(ચકાર), તા.ભુજ-કચ્છ.

સ્વ. નારણભાઈ રામજીભાઈ નાયાણી, ઉંમર : ૭૨ વર્ષ,
કચ્છ માં ગામ : મોટી વિરાણી.

તા. ૯/૧૨/૨૦૨૦ બુધવાર

સ્વ. દેવજીભાઈ માવજીભાઈ કેશરાણી (સાંખલા), ઉંમર : ૯૬ વર્ષ,
કચ્છ માં ગામ નખત્રાણા, હાલે : બેંગ્લોર. (કર્ણાટક)

તા. ૧૦/૧૨/૨૦૨૦ ગુરૂવાર

સ્વ. વાલુબેન નાનજીભાઈ સુરાણી, ઉંમર : ૬૮ વર્ષ,
કચ્છ માં ગામ : વિથોણ

સ્વ. પ્રેમજીભાઈ કરમશીભાઈ વાસાણી, ઉંમર : ૯૦ વર્ષ,
કચ્છ માં ગામ : ગંગાપર, તા. માંડવી